MARKET-HUB®
NEWS LETTER

17 June 2017 Issue - 254

MARKET NEWS & EVENTS

- હકારાત્મક તેમ જ નકારાત્મક પરિબળોની ગેરહાજરીને પગલે ઇક્વિટી બજારમાં દિવસ દરમિયાન અફડાતફડી જોવા મળે છે. આજે સેન્સેક્સ ૧૯.૩૩ ઘટયો હતો જ્યારે નિફટી ૧૦ પોઇન્ટ્સ વધ્યો હતો. દિવસ દરમિયાન સેન્સેક્સમાં ૧૬૫ પોઇન્ટ્સ અને નિફટીમાં ૫૦ પોઇન્ટ્સની વધઘટ જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં સામાન્ય વૃદ્ધિ રહી હતી.
- મુંબઇ શેરબજારોનો સેન્સેક્સ ગુરુવારના ૩૧,૦૭૫.૭૩ બંધ સામે આજે ૩૧,૧૬૦.૪૭ ખૂલ્યો હતો. દિવસ દરમિયાન વધીને ઉંચામાં ૩૧,૧૮૨.૭૩ અને ઘટીને નીચામાં ૩૧,૦૧૭.૧૮ ના લેવલે પહોંચ્યો હતો. છેલ્લે ૧૯.૩૩ ઘટીને ૩૧,૧૦૫૬.૪૦ બંધ રહ્યો હતો.
- નેશનલ સ્ટોક એક્સ્ચેન્જનો નિફટી ગુરુવારના ૯૫૭૮.૦૫ ના બંધ સામે આજે ૯૫૯૫.૪૫ ખૂલ્યો હતો. દિવસ દરમિયાન ઉંચામાં ૯૬૧૫.૮૫ અને ઘટીને નીચામાં ૯૫૬૫.૫૦ ના સ્તરે પહોંચ્યો હતો. છેલ્લે ૧૦ પોઇન્ટ્સ વધીને ૯૫૮૮.૦૫ બંધ રહ્યો હતો.
- ખેડૂતોની લોન માફી અહેવાલે બેન્ક શેર્સમાં બાકોરું ખેડૂતોની લોનની માફી મુદ્દે ચાલી રહેલી ચર્ચા અને સંકેતો પાછળ બેન્કોની એનપીએમાં ઓર વધારાની દહેશત પાછળ બેન્કેક્સ ૨૭૩.૫૧ પોઇન્ટ ઘટી ૨૬૫૪૬.૭૭ ની સપાટીએ બંધ રહ્યો હતો. ઇન્ડેક્સ આધારીત HDFC બેન્ક ૦.૧૪ ટકાના નોમીનલ સુધારાને બાદ કરતાં તમામ બેન્ક શેર્સમાં બાકોરાં પડયા હતા. BOB સૌથી વધુ ૩.૦૮ ટકા ઘટી રૂ. ૧૬૮.૩૦ બંધ રહ્યો હતો. પીએનબી ૨.૨૬ ટકા, ફેડરલ બેન્ક ૨.૩૧ ટકા, ICICI Bank ૧.૮૮ ટકા, IndusInd Bank ૧.૩૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૨૦ ટકા અને એક્સિસ બેન્ક ૧.૧૮ ટકા તૂટયા હતા.
- **પાવર શેર્સમાં સાધારણ સુધારોઃ-** પાવર સેક્ટરમાં જીએમઆર ૬.૨૦ ટકા ઊછળી રૂ. ૧૮.૮૫ ની સપાટીએ રહ્યો હતો. જ્યારે પાવરગ્રીડ, એનટીપીસી, સિમેન્સ, સીજી પાવર અને ભેલમાં પણ સાધારણ સુધારાની ચાલ જોવા મળી હતી. જોકે એનએચપીસી, અદાણી પાવર, ટોરેન્ટ પાવર અને પીટીસીમાં પીછેહઠ આગળ વધી હતી.
- **વિડિયોકોનમાં આજે પણ ૫ ટકા કડાકોઃ-** વિડિયોકોનમાં એકધારું વેચવાલીનું પ્રેશર રહેવા સાથે શેર આજે વધુ ૪.૯૭ ટકા તૂટી રૂ. ૨૫.૮૦ ની સપાટીએ રહ્યો હતો. કંપની ઉપરના બેન્કોના દેવા અને પ્રેશર જોતાં આ શેર સાવ તળીયે બેસી જવા છતાં બોટમઆઉટ બન્યાના કોઇ સંકેતો મળી રહ્યા નથી. તેની સાથે સાથે દેવાના ડુંગર નીચે દટાયેલી આરકોમનો શેર પણ ૧.૯૦ ટકા ઘટી રૂ. ૧૮.૦૫ ની સપાટીએ રહ્યો હતો.
- સરકારી બેન્કોમાં બુધવારે ધરખમ સુધારાની ચાલ રહી હતી. તે પૈકી યુકો બેન્ક સૌથી વધુ ૧૦.૬૧ ટકા ઊછળી રૂ. ૩૭ ની સપાટીએ રહ્યો હતો. જ્યારે દેના બેન્ક ૮.૬૭ ટકા, અલ્હાબાદ બેન્ક ૭.૬૮, વિજયા બેન્ક ૬.૫૬ ટકા, આઇડીબીઆઇ ૫.૧૬ ટકા, આઇઓબી ૪.૯૦ ટકા, અને આંધ્રબેન્ક ૪.૩૮ ટકા વધ્યા હતા.
- **એશિયા સુસ્ત સામે યુરોપમાં સુધારોઃ-** એશિઆઇ શેરબજારોમાં વધઘટ સાંકડી અને મોટેભાગે નરમ વલણ રહ્યું હતું. જ્યારે યુરોપિયન શેરબજારોમાં સાર્વત્રિક સુધારાની ચાલ વચ્ચે ડેક્સ ૧૪૫ પોઇન્ટ ઊછળ્યો હતો.

Institutional Activity- June - 2017 (Daily Cash Market) Rs. Crores

Date	FIIs	DIIs
12.06.2017	-169.25	-63.11
13.06.2017	-312.4	304.58
14.06.2017	-161.13	71.65
15.06.2017	-645.35	854.85
16.06.2017	-764.48	890.91
Net Buying/Selling	-2052.61	2058.88

ગયા સપ્તાહમાં નિફટી સ્પોટ :–

ઉપરમાં ૯૬૫૪.૧૫ અને નીચામાં ૯૫૬૦.૮૦ નો ભાવ જોવા મળ્યો હતો.

આગલા સપ્તાહમાં નિફટી સ્પોટ

જયાં સુધી ૯૭૫૦ cross નહી કરે ત્યા સુધી ઉછાળે વેચવાલી જોવા મળે નીચામાં ૯૫૬૦ નીચે close આપતા ૯૪૨૦ થી ૯૧૦૦ સુધી નો ભાવ આવી શકે.

આગલા સપ્તાહમાં Bank nifty સ્પોટ :–

ઉપરમાં ૨૩૬૦૦ નો મજબુત resistance છે; જો તેના ઉપર close આપે તો ૨૩૯૨૫ થી ૨૪૩૦૦ સુધી નો ભાવ આવી શકે.

Commodity Market

કોપર :-જયાં સુધી ૪૦૨ પર close નહી આપે ત્યાં સુધી ઉછાળે વેચવાલી જોવા મળે અને નીચામાં ૩૫૧ નો ભાવ આવી શકે તથા ૩૭૯ પર close આપતા ૪૦૨ નો ભાવ જોવા મળે.

ક્રુડ ઓઇલ :-નીચામાં ૨૯૫૦ નો મજબુત support છે જો તેના નીચે close આપે તો ૨૮૧૦ થી ૨૬૦૦ સુધી નો ભાવ આવી શકે ઉપરમાં ૩૦૮૦ નુ resistance છે ૩૦૮૦ ઉપર close આપે તો ૩૨૭૦ સુધી નો ભાવ આવી શકે.

ચાંદી :-નીચામાં ૨૮૫૦ નીચે close આપતા ૨૫૧૦ થી ૨૩૨૦ સુધી નો ભાવ આવી શકે અને ઉપરમાં ૩૦૫૫ નુ resistance છે; જો તેના પર close આપતા ૩૨૦૦ થી ૩૨૫૦ નો ભાવ જોવા મળે.

સોનું :-ઘટાડે ૨૮૨૪૦ ના sl થી ખરીદી કરી શકાય અને ઉપરમાં ૨૯૩૮૬ નું resistance છે તથા ૨૯૩૮૬ પર close આપતા ૩૦૧૫૦ સુધી નો ભાવ આવી શકે.

નેચરલ ગેસ :-ઘટાડે ૧૮૦ ના sl થી ખરીદી કરી શકાય અને ઉપરમાં ૨૦૦ નો ભાવ cross કરતા ૨૧૦ થી ૨૧૨ નો ભાવ આવી શકે.

Commodity	S4	S3	S2	S1	CLOSE	R1	R2	R3	R4
COPPER	342	347	355	360	365	373	381	386	394
SILVER	36128	36609	37519	38000	38481	39391	40301	40782	41692
GOLD	27772	28047	28468	28743	29019	29439	29860	30135	30560
CRUDE	2603	2662	2760	2819	2879	2976	3074	3133	3231
NATURAL GAS	171	177	182	189	195	200	205	212	217

આવતા અઠવાડીયામાં ધ્યાનમાં રાખવા જેવા શેઅર્સ

Serial No.	Stock Name	Above/Below/Add	CMP as on 17.06.2017	Trail SL	Buy Stop loss	Sell Stop loss	Target
1	PURVA(BUY)	ABOVE 72	68.45		68.90		89
2	BLKASHYAP (BUY)	ABOVE34.30	32.80	-	28.90		51
3	NHPC(BUY)	AROUND32	33.30	-	28.65		38
4	BRITANNIA(BUY)	ABOVE3580	3569	-	3523		3700
5	MARUTI(SELL)	AROUND7430	7263			7481	7171/ 6800

Currency Corner

ભારત દેશ જ્યારે એક વિકસિત તરફથી વિકાસશિલ અર્થતંત્ર બનવા જઇ રહ્યુ છે. ત્યારે સ્વાભાવિક રીતે આંતરરાષ્ટીય વેપારનો પણ વિકાસ થાય છે, જે આયાત નિકાસની સાથે સાથે આંતરરાષ્ટીય કરન્સીમાં પણ લેવડ દેવડ વધતી જાય છે ત્યારે એક પ્રોગ્રેસિવ કંપની તરીકે માર્કેટ-હબ દ્વારા કરન્સી માર્કેટ અંગેની સમજ આપવાની પહેલ કરી રહ્યા છીએ.

કરન્સી માર્કેટમાં હેજીંગ તથા ટ્રેડીંગ કરતા ગ્રાહકોને એક આદર્શ માર્ગદર્શન આપવાના હેતુથી શરૂ થયેલ આ પ્રયત્ન આપને લાભદાયી પુરવાર થશે તેવી અભ્યર્થના.

ઉપરોક્ત **table** માં દર્શાવેલ **Demand Zone** અને **Supply Zone** અંગેની સમજ આવતા અંકમાં તેની ઊંડાણપૂર્વક માહિતી આપીશું.

Currency	DEMAND ZONE LEVEL		CLOSE	SUPPLY ZONE LEVEL	
	D1	D2		S1	S2
USDINR	64	62.80	64.51	65	65.70
GBPINR	80.76	76.70	82.44	84.60	86.70
EURINR	71.20	69.20	72.14	73.60	77.00
JPYINR	59.65	61.60	57.99	57	54.80



::: IPO Product Note of CDSL :::

સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડીયા) લીમીટેડ શેરદીઠ રૂ.૧૦ ની મુળકિંમત અને રૂ. ૧૪૫-૧૪૯ની પ્રાઇસબેન્ડ ધરાવતા શેર્સના આઇપીઓ સાથે તા. ૧૯ જુને મૂડીબજારમાં પ્રવેશી રહી છે. કંપનીના ૩૫,૧૬૭,૨૦૮ ઇક્વિટી શેરના IPOમાંથી બીએસઇ લિમીટેડ દ્વારા ૨૭,૨૧૭,૮૫૦ ઇક્વિટી શેર, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ૪,૭૭૫,૦૦૦ ઇક્વિટી શેર , બેન્ક ઓફ બરોડા દ્વારા ૨,૧૭૪,૩૫૮ ઇક્વિટી શેર અને કલકત્તા સ્ટોક એક્સચેન્જ દ્વારા ૧,૦૦૦,૦૦૦ ઇક્વિટી શેરની વેચાણની ઓફર સામેલ છે. ઇશ્યુ ૨૧ જૂને બંધ થશે. ઓફરમાં કંપનીની સંપૂર્ણપણે ડાઇલ્યુટેટ પોસ્ટ-ઓફર પેઇડ-અપ ઇક્વિટી શેર મૂડીનો ૩૩.૬૫ ટકા હિસ્સો સામેલ છે અને પોસ્ટ-ઓફર ઇક્વિટી શેર મૂડીનો ૩૨.૯૮ ટકા હિસ્સો પબ્લિકને નેટ ઓફર થશે.

• Company Overview:

ભારતની અગ્રણી સિકયોરીટી ડીપોઝીટરીઓમાંની એક એવી CDSL એ તેનાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં CDSL ના Beneficiary Ownership (BO) તરીકે બજારમાં ૫૮% હિસ્સેદારી ધરાવે છે તેમજ ૪૨% હિસ્સો NSDL ધરાવતી છે. જે CDSL ની વૃધ્ધિ માં વધારો દર્શાવે છે. તાજેતરમાં જ ૩૦ નવેમ્બર,૨૦૧૬ નાં રોજ, CDSLમાં ૧ કરોડ ૧૬ લાખ રોકાણકારોનાં ખાતાઓ હતા. તેમજ કુલ નોંધાયેલા (KYC Registration Agency) KRA માં ૬૭% હિસ્સો (૧ કરોડ ૧૬ લાખ) CDSL ધરાવે છે.CDSL ની આંકડાકીય માહિતી પ્રમાણે આ કંપની પાસે ૩ પેટા કંપનીઓ છે:CDSL Ventures, CDSL Insurance Repository અને Commodity Repository.

કંપની વિવિધ સિક્યોરિટીઝના ડિમટીરિયલાઇઝેશન સંબંધિત સેવાઓ ઓફર કરી રહી છે. KYC સેવાઓ અને મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત કેપિટલ માર્કેટના મધ્યસ્થીઓને સેવાઓ પૂરી પાડે છે. તે CDSL ઇન્સ્યોરન્સ રીપોઝીટરી દ્વારા ઘણી વીમા કંપનીઓને ઇ-વીમાની સુવિધા પૂરી પાડે છે. કંપની ઇ-વોટિંગ, ઇ-લોકર, નેશનલ એકેડેમી ડિપોઝીટરી (એનએડી) જેવી અન્ય ઓનલાઇન સેવાઓ પૂરી પાડે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૨ ના અંત સુધીમાં ભારતમાં ડિપોઝીટરી સિસ્ટમ રૂ. ૨.૪ અબજ હતી. CDSL નો બજાર હિસ્સો ૪૩% છે અને NSDL નો ૫૭% હિસ્સો છે. ડીમેટ ખાતાના બજાર હિસ્સાને ધ્યાનમાં રાખતા, CDSL એ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ૯%. સીએજીઆર ની વૃધ્ધિ નોધાંવી છે જેની સરખામણીમાં NSDL ની વૃધ્ધિ માત્ર ૫% નોંધાઇ હતી. નાણાકીય ૨૦૧૭ માં ૪૪% થયો હતો. પરિણામે, નાણાકીય ડિમેટ ખાતાની માર્કેટ હિસ્સેદારી ૪૬% થી વધીને નાણાકીય વર્ષ ૨૦૧૭ માં ૬૦% થઇ હતી.

• MH Take :-

CDSL ભારતમાં ઇક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડોના વિકાસ માટે એક ઉત્તમ પ્રોક્સી છે. જ્યાં બીએસઇએ તાજેતરનાં વર્ષોમાં શેરબજારોમાં થતા Trading સામે એનએસઇ બજારમાં હિસ્સો ગુમાવ્યો છે, ત્યાં CDSL એ આ વર્ષોમાં NSDL પાસેથી નોંધપાત્ર બજાર હિસ્સો ખરીદ્યો છે. જેના કારણે NSDL માં રોકાણકારોના ખાતાઓમાં વધારો થયો છે. મોટા પાયે અર્થતંત્ર સાથે, CDSL તેના ઓપરેટિંગ લીવરેજ થી લાભ મેળવે છે. Rs.૧૪૯ ઉપરના પ્રાઇસ બેન્ડ અને નાણાકીય વર્ષ ૨૦૧૭ માં PE ૧૮.૧ હોવાથી આ આઇપીઓ વ્યાજબી કિંમતમાં મળી રહ્યો છે.

તેમજ આ ક્ષેત્રમાં CDSL પ્રથમ કંપની હોવાથી શેરબજારમાં રોકાણકારોને વધુ વળતર મળી શકશે તેવી આશા હેઠળ માર્કેટ-હબ મધ્યમ થી લાંબાગાળા તથા લિસ્ટીંગ ગેઇન માટે આ આઇપીઓ ભરવાની ભલામણ કરી છે.

CDSL's consolidated financial performance (in INR crore)

	FY2013	FY2014	FY2015	FY2016	FY2017
Total revenue	124.0	122.8	145.5	161.3	186.8
Total expenses	57.6	61.2	66.3	63.1	70.3
Profit after tax	49.9	49.3	57.7	90.9	85.4
Net margin (%)	40.2	40.1	39.7	56.4	45.7

CDSL IPO details

Subscription Dates	19 – 21 June 2017
Price Band	INR 145 – 149 per share
Offer For Sale/ Full Issue size	35,167,208 shares (INR523.99 crore)
Minimum bid	100 shares
Face Value	INR 10 per share
Retail Allocation	35%
Listing On	NSE

Market Tweets:

- CLSA ની સેલ્સટીમનાં અનુમાન પ્રમાણે આઇડીયા અને વોડાફોનનાં મર્જર થી આઇડીયા સેલ્યુલર (શેર) આવતા ત્રણ વર્ષમાં ડબલ ભાવ આવી શકે છે.
- રિલાયન્સ મ્યુ. ફંડ દ્વારા તા. 13/6/17 નાં રોજ લક્ષ ઇન્ડસ્ટ્રીઝનાં શેરમાં 4,44,103 શેરની ખરીદી કરતા આ શેરનો ભાગ ઘણો વધી જવા પામ્યો હતો.
- Trigyn Techno ની પેટા કંપની એવી Trigyn Techno Inc. એ પોતાનો United nation સાથેનો કરાર ૧૨ મહિના માટે લંબાવી દીધો છે. આ કોન્ટ્રાક્ટ UN Mission અને બીજી UN offices માટે IT support અને communication માટે છે
- Pennar Ind. અને તેની પેટાકંપની Pennar Eng. Building system (PEBS Pennar) પોતાના પ્રોડક્સ અને સર્વિસની સેવા માટે USA માં સરખા હિસ્સાની કંપની શરૂ કરવાનો વિચારણા કરી રહી છે.
- GOA Carbon મે માસમાં ૧૨,૨૩૩.૮૦ MT (million tones) પોતાની પ્રોડક્ટ calcined petroleum coke (CPC) નું ઉત્પાદન અને કંપનીએ મે માસમાં કુલ ૧૨૩૯૦.૬૬૫ MT નું વેચાણ કર્યુ છે.
- આરતી ઇન્ડ ને પોતાની એગ્રોકેમીકલ પ્રોડક્ટ માટે એક ગ્લોબલ એગ્રીકલચર કંપની સાથે ૪૦૦૦ કરોડ નો કરાર મળેલ છે. આરતી ઇન્ડ એ બેનઝીન (benzene) કેમીકલ ની પોતાની નીપુણતા માટે વિશ્વવિખ્યાત છે

HEAD OFFICE
B/230-231, International Trade Center, Majura Gate, Ring Road, Surat-2.(Guj.) India **Ph: 0261- 40 60 750, 246 27 90**
Fax : 0261-246 27 91 www.markethubonline.com E-Mail : sales@markethubonline.com
BRANCH
Varachha Road, Surat - 6. Ph : 0261-254 49 06 • Mahidharpura, Surat-3. Ph : 0261 - 245 10 39
IA SEBI Registration no.:INA000005333

Disclaimer :
We do not represent that information provided by us is accurate or complete and it should not be relied upon as such. The advice provided here is just for knowledge purpose only.The user assumes the entire risk of any use made or not made of this information.
INVESTMENT IN EQUITY, MUTUAL FUND, EQUITY, CURRENCY & COMMODITY DERIVATIVES IS SUBJECT TO RISK. WE ARE DISTRIBUTOR OF MUTUAL FUND.
Client should read the Risk Disclosure Document (RDD) & Do's and Don'ts issued by SEBI & relevant exchanges before investing.

Ambika Art 98 25 27 90 90

For Market-Hub Clients & Associates
Join us at Market-Hub Stock Broking Pvt. Ltd.
For Private Circulation Only